# પરિપત્ર

ક્રમાંક/વિજાક/શિક્ષણ/૨૦૧૭-૧૮/૫૫૨૪ થી ૫૭૩૩

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ ની કચેરી
જી-૬, એનેક્ષી બિલ્ડીંગ
બહુમાળી ભવન
ભાવનગર
તા.૦૩/૧૦/૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રી,
શાંતીલાલ શાહ એન્જી.નિયરીંગ કોલેજ
મુ. સિદસર ................તા. ......................
જી. ભાવનગર.

વિષય:- શિષ્યવૃત્તિ દરખાસ્ત Digital Gujarat portal પર online કરવા બાબત

સંદર્ભ :- (૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ના પત્ર ક્રમાંક/વિજાક/શિક્ષણ/૨૦૧૬-૧૭/૪૬૮૪ થી ૪૭૧૬ તા.૧૫/૧૦/૨૦૧૬

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ના પત્ર ક્રમાંક/વિજાક/શિક્ષણ/૨૦૧૭-૧૮/૩૧૦૬-૩૧૬૯ તા. ૨૬/૯/૧૭

ઉપર્યુક્ત સંદર્ભવાળા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા. ગાંધીનગરના પરિપત્રથી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (SEBC), વિચરતી વિમુક્ત જાતિ (NT/DNT), આર્થિક રીતે પછાત વર્ગો (EBC), લઘુમતી (MINORITY) પછાત વર્ગોની ભારત સરકારની અને રાજ્યસરકારની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની વિવિધ યોજનાઓ વર્ષ ૨૦૧૭-૧૮ થી **digital Gujarat portal** પર **online** કરવાની થાય છે.

આ યોજનામા સરકારી આઇ.ટી.આઇ (ટેકનિકલ) અભ્યાસક્રમો, ધોરણ ૧૧-૧૨, ડીપ્લોમાં, સ્નાતક, અનુસ્નાતક, પી.એચ.ડી, મેડીકલ, એંજીનીયરીંગના વ્યવસાયીક અભ્યાસક્રમો જેવા તમામ અભ્યસક્રમો કે જે ધોરણ ૧૦ પછીના ઉચ્ચ કક્ષાના અભ્યાસ ક્રમો માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ, જે અન્વયે હાલ વર્ષ ૨૦૧૭-૧૮ માં જે તે અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ તેને લગત શિષ્યવૃત્તિની યોજનાના અરજી ફોર્મ http://www.digitalgujarat.gov.in પર તા.૧૫/૧૧/૨૦૧૭ સુધીમાં online અરજી કરવા જણાવવામાં આવે છે. જે યોજનામાં સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓ / કોલેજોને લાગુ પડે છે તે સિવાયની તમામ યોજનામાં સરકારી અને અનુદાનીત શૈક્ષણિક સંસ્થાઓ ગણવાની રહેશે.

To, Prof. A.D. Maniya for Inst. Website
06/10/17

યોજનાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | યોજનાઓ | જાતિ | અભ્યાસક્રમ | વાર્ષિક આવક | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| ૧ | બી.સી.કે ૭૮ કન્યાઓ માટેની પોસ્ટ એસ.એસ.સી શિષ્યવૃત્તિ(સા.શૈ.પ.વ) | S.E.B.C કન્યા | ધોરણ ૧૧,૧૨ સહિત તેના પછીના તમામ અભ્યાસ | આવક મર્યાદા નથી | સરકારી,ગ્રાન્ટ ઇન એઇડ,સ્વનિર્ભર કોલેજો |
| ૨ | બી.સી.કે ૧૩૮ કન્યાઓ માટેની પોસ્ટ એસ.એસ.સી શિષ્યવૃત્તિ (વિચરતી વિમુક્ત) | NT/DNT કન્યા | ધોરણ ૧૧,૧૨ સહિત તેના પછીના તમામ અભ્યાસ | આવક મર્યાદા નથી | સરકારી,ગ્રાન્ટ ઇન એઇડ,સ્વનિર્ભર કોલેજો |
| ૩ | બી.સી.કે ૮૧ એ ભારત સરકારનીOBCના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ એસ.એસ.સી શિષ્યવૃત્તિ | S.E.B.C કુમાર (સ્નાતક કક્ષા એ માત્ર સાયન્સ પ્રવાહના કુમાર)/તમામ પ્રવાહ ની કન્યાઓ | ધોરણ ૧૧,૧૨ સહિત તેના પછીના તમામ અભ્યાસ | રૂ.૧,૦૦,૦૦૦/- | સરકારી,ગ્રાન્ટ ઇન એઇડ,સ્વનિર્ભર કોલેજો |
| ૪ | બી.સી.કે ૭૯ મેડીકલ,એંજીનેયરીંગ, વિદ્યાર્થીઓ ને ભોજનબીલ સહાય(સા.શૈ.પ.વ) | S.E.B.C કુમાર /કન્યા | મેડીકલ,એંજીનેયરીંગ,ના કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓ | રૂ.૨,૫૦,૦૦૦/- | સરકારી,ગ્રાન્ટ ઇન એઇડ,સ્વનિર્ભર કોલેજો |
| ૫ | બી.સી.કે ૮૦ મેડીકલ,એંજીનેયરીંગ,ડીપ્લોમાના વિદ્યાર્થીઓ ને સાધન સહાય(સા.શૈ.પ.વ) | S.E.B.C કુમાર /કન્યા | મેડીકલ,એંજીનેયરીંગ, ડીપ્લોમા ઇજનેરી પ્રથમ વર્ષ | રૂ.૨,૫૦,૦૦૦/- | સરકારી,ગ્રાન્ટ ઇન એઇડ,સ્વનિર્ભર કોલેજો |
| ૬ | બી.સી.કે ૮૧ કુમારો માટેની પોસ્ટ એસ.એસ.સી શિષ્યવૃત્તિ(સા.શૈ.પ.વ) | S.E.B.C કુમાર (વિનયન પ્રવાહ) | ધોરણ ૧૧,૧૨ સહિત તેના પછીના તમામ અભ્યાસ | ગ્રામ્ય વિસ્તાર- ૪૭૦૦૦ શહેરી વિસ્તાર- ૬૮૦૦૦ | સરકારી,ગ્રાન્ટ ઇન એઇડ,કોલેજો |
| ૭ | બી.સી.કે ૧૩૮ કુમારો માટેની પોસ્ટ એસ.એસ.સી શિષ્યવૃત્તિ (વિચરતી વિમુક્ત) | NT/DNT કુમાર | ધોરણ ૧૧,૧૨ સહિત તેના પછીના તમામ અભ્યાસ | ગ્રામ્ય વિસ્તાર- ૪૭૦૦૦ શહેરી વિસ્તાર- ૬૮૦૦૦ | સરકારી,ગ્રાન્ટ ઇન એઇડ,કોલેજો |
| ૮ | બી.સી.કે ૩૨૫ સ્વનિર્ભર કોલેજમાં અભ્યાસ કરતા વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય (વિચરતી વિમુક્ત) | NT/DNT કુમાર/કન્યા | સ્નાતક, અનુસ્નાતક, કક્ષાના તમામ અભ્યાસ ક્રમો | રૂ. ૨,૦૦,૦૦૦ | ફક્ત સ્વનિર્ભર કોલેજો |
| ૯ | બી.સી.કે ૯૮ એમ.ફીલ.પી.એચ.ડી ના વિદ્યાર્થીઓ માટે ફેલોશીપ યોજના (સા.શૈ.પ.વ) | S.E.B.C | એમ.ફીલ.પી.એચ.ડી મહા નિબંધ | રૂ. ૪૫,૭૬૦ | સરકારી ગ્રાન્ટ ઇન એઇડ,સ્વનિર્ભર કોલેજો |



વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઇન નંબર :- 1800 233 5500

૧. <u>વિદ્યાર્થીઓ માટેઃ-</u>

(૧) પ્રથમ વિદ્યાર્થીઓએ Digital Gujarat Portalવેબસાઇટ પર citizenતરીકે Loginથઇ નવું રજીસ્ટ્રેશન આધાર નંબર, ઇ-મેઇલ આઇ.ડી. પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશનમાં E-mail IDફરજીયાત હોવાથી વિદ્યાર્થીઓનું E-mail IDફરજીયાત છે. રજીસ્ટ્રેશન થયા બાદ પુનઃ Loginકરી પ્રોફાઇલ્સ Updateકરવાની રહેશે.

(૨) પ્રોફાઇલ્સ Updateબાદ વિદ્યાર્થી જે જાતિના હોય, જે તે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય, તેઓએ Director Developing Caste SelectકરતાંOnlineથયેલી તમામ યોજનાઓ જોવા મળશે. ત્યારબાદ લાગુ પડતી યોજનાના ૧ થી ૪ Tabના ફીલ્ડની તમામ માહિતીનું Online અરજી પત્રક ભરી Online જે તે યોજનામાં દર્શાવેલ જરૂરી સાધનિક કાગળો, દરેક વિદ્યાર્થીએ તેનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો JPEG (*.jpg, *jpeg, *jpe)ફોર્મેટમાં ૨૦૦ Kbથી ઓછી સાઈઝમાં અપલોડ કરવાના રહેશે. તમામ સાધનિક કાગળો, ફોટો Uploadકરી, પૂરેપૂરૂ અરજી પત્રક ભરાયા બાદ ફાઇનલ કરી, Submitકરવાનું રહેશે. જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી જેવા કે આવક માટે મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રીનું પ્રમાણપત્રની નકલ અપલોડ કરવાની રહેશે.

(૩) પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે વર્ષ ૨૦૧૭-૧૮માં સમરસ છાત્રાલયમાં પ્રવેશ માટે Onlineઅરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓએ સીધા Login ID-PASSWARDવડે જે તે લાગુ પડતી યોજનામાં હોય તે યોજનામાં અરજી કરવાની રહેશે.

(૪) તમામ વિદ્યાર્થીઓના નામની વિગતો સાથે આધાર નંબર અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) કરવું જરૂરી છે. આથી, તમામ વિદ્યાર્થીઓ તેમના આધાર કાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) જો બાકી હોય તો તાત્કાલિક પોતાની બેન્ક એકાઉન્ટ લીકીંગ (સીડીંગ) કરાવવાનું રહેશે. દરેક વિદ્યાર્થીદીઠ એક મોબાઇલ નંબર તથા એક ઇ-મેઇલ આઇ.ડી. યુઝ કરવા દેવામાં આવશે.

(૫) હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત કર્મચારીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે.

(૬) પોર્ટલ પર અરજી કરવા માટેની આખરી તા.૧૫/૧૧/૨૦૧૭ નિયત થયેલ છે. હાલમાં આ તારીખ છેલ્લી છે. તે બાબત ધ્યાને લઇ તા.૧૫/૧૧/૨૦૧૭ સુધીમાં તમામ વિદ્યાર્થીઓએ બિનચૂક ઉપરોકત પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી Online અરજી કરવાની રહેશે.

(૭) જે જિલ્લાનાં મૂળવતની હોય તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓએ ફક્ત બીસીકે-૭૮, ૮૧-એ, વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીએ બીસીકે-૧૩૭, ૩૨૫ યોજનાઓમાં જો ગુજરાત રાજય બહાર માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ Onlineકરેલ Applicationફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતાઅને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ મૂળ વતનના જિલ્લાની કચેરીએ જમા કરાવવાની રહેશે.

(૮) ઇન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઇગ્નુ) તથા ડૉ.બાબાસાહેબ ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીએ બીસીકે-૮૧-સીની યોજનામાં Onlineઅરજી પત્રક કરી, તેમના સ્ટડી સેન્ટરમાં એપ્લીકેશન જમાં કરાવીને દરેક સ્ટડી સેન્ટરે તે અરજી પત્રકો તેઓના અમદાવાદ ખાતેના Regional Center ખાતે જમા કરાવવાના રહેશે.

(૯) આ પોસ્ટ મેટ્રીક યોજનાઓ સરકારી આઇ.ટી.આઇ., સરકારી / ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળા, સરકારી / ગ્રાન્ટેડ કોલેજોના વિદ્યાર્થીઓ માટે છે. જે સ્વનિર્ભર કોલેજો જે યોજનામાં વિદ્યાર્થીઓને લાગુ પડે તે તેમાં બીસીકે-૭૮, બીસીકે-૭૯, બીસીકે-૮૦, બીસીકે-૮૧ એ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે તેમજબીસીકે-૧૩૭ વિચરતી-વિમુક્ત જાતિના સ્વનિર્ભર કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને લાગુ પડે છે. જયારે બીસીકે-૩૨૫ ફકત ને ફકત વિચરતી-વિમુક્ત જાતિ માટે સ્વનિર્ભર કોલેજો માટેની યોજના છે.